**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૯ એપ્રિલ ૨૦૦૯**

## શ્રી રામ નાઈક અને શ્રી સંજય નિરૂપમની ઉપસ્થિતીમાં શ્રી હેમેંદ્ર મહેતા એ કરી ગડબડ

**મુંબઈ, રવિવાર** : ઉત્તર મુંબઈ લોકસભા મતદાર સંઘના ત્રણ પ્રમુખ ઉમેદવાર શ્રી રામ નાઇક, શ્રી સંજય નિરૂપમ, અને શ્રી શિરિષ પારકર ની ઉપસ્થિતીમાં થયેલ સભામાં રાષ્ટ્રવાદી કોંગ્રેસનાં નેતા માજી ધારાસભ્ય શ્રી હેમેંદ્ર મહેતા એ કરેલ અભુતપૂર્વ ગડબડ ને કારણે આખરે આ સભા વિસર્જીત કરવાનો વારો આવ્યો.

ઈન્સ્પાયર્ડ ભારત ઍકશન ફોરમ અને અન્ય ૨૪ સંગઠનો વતી આજે બોરીવલી ખાતેની ગોપાળજી હેમરાજ હાઈસ્કૂલમાં આયોજીત સભા નું રાષ્ટ્રવાદી નાં નેતા શ્રી હેમેંદ્ર મહેતાએ મોટી ગડબડમાં રૂપાંતર કર્યાથી નાગરિકોમાં ચોતરફથી સંતાપ વ્યકત થઈ રહ્યો છે. શ્રી દત્તરામ કોસંબે ની અધ્યક્ષતા તળે ઈસ્પાયર્ડ ભારત ઍકશન ફોરમ એ '**ઉમેદવારોનો પરિચય**' તેવો કાર્યક્રમ યોજયો હતો. ઉકત કાર્યક્રમમાં ભાજપ - શિવસેનાના ઉમેદવાર શ્રી રામ નાઈક,કોંગ્રેસ - રાષ્ટ્રવાદી કોંગ્રેસ અને રિપબલીકન નાં ઉમેદવાર શ્રી સંજય નિરૂપમ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના ઉમેદવાર શ્રી શિરિષ પારકરે ભાગ લીધો હતો. આયોજકોએ સભાનું પ્રારૂપ નકકી કરી પહેલાથીજ બધાંને આપ્યું હતું. આરંભે શ્રી કોસંબે સહુનું સ્વાગત કરશે , ત્યારબાદ ત્રણેવ ઉમેદવારો પોતપોતાનું વચનનામું જાહેર કરશે, ત્યારબાદ ઉમેદવારોને કાર્યક્રમની પહેલાં જે મહત્વની માગણીઓ લેખીમાં આપેલ હોય તેની પર ઉમેદવારો પોતાનો મત પ્રદર્શન કરે અને અંતે જે નાગરિકોએ કાર્યક્રમ શરૂ થયાં ની પુર્વે લેખીત પ્રશ્નો આપ્યાં હોય તેના ના જવાબો આપવા અને છેવટે અન્ય સમાચારવાંચન, આભાર પ્રદર્શન વગેરે કાર્યક્રમનું રૂપરેખા પહેલેથી જ કાર્યક્રમ પત્રિકા દ્વારા આપવામાં આવી હતી.

કાર્યક્રમ પત્રિકા મુજબ સભા સરળતા થી ચાલી રહી હતી. ત્રણે ઉમેદવારોએ વચનનામા જાહેર કર્યા, સંયોજકોએ મુકેલ માગણીઓ પર મતપ્રદર્શન કરવામાં આવ્યાં.આયોજકોએ પ્રશ્નોત્તર શરૂ કરવાના સમયે બોરીવલી નાં માજી ધારાસભ્ય શ્રી હેમેંદ્ર મહેતાએ ગડબડ ની શરૂઆત કરી. " મારે પ્રશ્ન પુછવા છે , પહેલાં મને પ્રશ્નો પુછવા દો" તેવી રાડારાડ કરવાની શ્રી હેમેંદ્ર ભાઈએ શરૂઆત કરી.તેથી આયોજક ઈન્સ્પાયર્ડ ભારત ઍકશન ફોરમનાં અધ્યક્ષ શ્રી કોસંબે એ કહ્યું હતું કે : " તમે અગાઉ સૂચના આપી હોત તો જ અમે નિયમ મુજબ બોલવા દઈ શકયા હોત, પરંતુ તમે તેમ કર્યું નથી. જેમણે પ્રશ્નોની પૂર્વસૂચના આપેલ છે તેમનાં પ્રશ્નો પહેલાં લેવામાં આવશે, માટે અમે આપને બોલવા દઈ શકીએ નહીં " તેના પર સંતપ્ત થયેલાં શ્રી હેમેંદ્ર ભાઈએ સભામાં રીતસરની રાડો નાખવાનું શરૂ કર્યુ તેમની સાથે આવેલા અમુક લોકોએ પણ તેમાં સૂર પૂરાવ્યો. પણ આયોજકો અતિશય મકકમ હતાં તેમણે આ હવનમાં હાડકા નાખવા આવેલાં હેમેંદ્રભાઈ ને રોકડું જ પરખાવ્યું કે કાર્યક્રમ ના નિયમો માં ફેરબદ્લ કરવામાં આવશે નહીં. છતાંયે હેમેંદ્ર મહેતા ની ધાંધલ ચાલૂ જ રહી. આખરે આયોજકોએ આ વર્તુણુંક લોકશાહી ની વિરૂધ્ધ હોવાથી સભા બરખાસ્ત કરી.

ત્રણ મહત્વના ઉમેદવારો એકસ્થળે આવ્યાં હોઈ તેમનાં ધ્યેયધોરણો જાણી મતદાન કરવાની નાગરિકો ને મળેલ સારી તક શ્રી હેમેંદ્રભાઈનાં ઉધ્ધત વર્તનને કારણે એળે ગઈ. તેથી નાગરિકોમાં ની સંતપ્ત પ્રતિક્રિયાઓ દેખાઈ આવતી હતી.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મોબાઈલ : ૯૮૬૭૬૮૯૫૪૦**